


## શહેરમાં ''સીતા માતા''એ સ્વચ્છતા અભિયાનમાં સફાઈ કરી..!!!

ગાંધીનગરમાં આજે 'સીતા માતા'ને રોડ પર સફાઈ કરતાં જોઈને અનેક નાગરિકો આશ્ચર્યચકિત થઈ ગયાં હતા. શહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રેરિત 'ક્લિન ઈન્ડિયા' અંતર્ગત નેહરુ યુવા કેન્દ્ર દ્વારા સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સ્થળે યોજવામાં આવેલા આ અભિયાન પૈકી શહેરની મધ્યમાં મામલતદાર કચેરીથી ઉદ્યોગભવન સુધીના વિસ્તારમાં યોજોયલા સફાઈ કાર્યમાં સુપ્રસિદ્ધ ટીવી સિરિયલ રામાયણમાં સીતામાતાનો રોલ કરીને દર્શકોના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કરનાર પૂર્વ સાંસદ દિપીકા ચીખલીયા પણ જોડાયાં હતા. જેના કારણે આ આભિયાનમાં જોડાયેલા નેહરુ યુવા કેન્દ્રના સ્વયંસેવકો, મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ગ્રામીણ વિકાસના સફાઈ કર્મીઓનો પણ ઉત્સાહ બેવડાયો હતો.

# ''નિરામય ગુજરાત'' પ્રોજેક્ટ ૨૯મીના રોજ લોંચ કરાશે

## બિન ચેપી રોગોથી પિડીત ૩૦ થી વધુ વયના લોકોનો આ માટે હાઉસ ટુ હાઉસ સર્વે ઓનલાઈન એન્ટ્રી કરાશે

ગાંધીનગર, તા. ૨૫

આગામી ૨૯મી ઓક્ટો.ના રોજ રાજ્ય સરકાર દ્વારા ''નિરામય ગુજરાત'' નામનો અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ લોંચ કરશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વડનગર ખાતેથી આ પ્રોજેક્ટનું લોંચિંગ કરશે.

આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે કે ૩૦ વર્ષથી વધુ વય ધરાવતા લોકોને નિરામય કાર્ડ પણ આપવાનું આયોજન છે. ૩૦ થી વધુ વય ધરાવતા લોકોનો હાઉસ ટુ હાઉસ સર્વે કરી અને તેમનો હેલ્થ વિષયક ડેટા તૈયાર કરવામાં આવશે.

ક્રોમ્પોન્સીવ હેલ્થ ચાર્ટ સોફ્ટવેર જે નવુ ડેવલપ કરવામાં આવ્યુ છે જેમાં ૩૦ થી વધુ આયુ ધરાવતા લોકોનો સર્વે કરી કયા કયા બિન ચેપી રોગોની બિમારી છે તે અંગેની ઓનલાઈન એન્ટ્રી કરવામાં આવશે. બિન ચેપી રોગની સાથે સાથે ગંભીર બિમારી હશે તો તેનો પણ ઉલ્લેખ આ સર્વેમાં કરવામાં આવનાર છે.

રાજ્યના આરોગ્યતંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અગાઉ ટેકો મારફત આવો સર્વે કરવામાં આવ્યો હતો. પરંતુ તેમાં પુરતી વિગતો સમાવિષ્ટ થઈ શકી ન હતી. હવે નિરામય કાર્ડ સરકાર આપવાનું આયોજન કરી રહી છે અને તેમાં કેટલીક વધુ વિગતો એકત્ર કરવામાં આવનાર છે. ખાસ કરીને ડેફીસયન્સી ઓફ કેલ્શીયમની વિગતો ઉમેરવામાં આવી છે.

કુપોષણની સમસ્યાને જડમૂળથી નાથવાના અભિગમ સાથે સરકાર આગળ વધી રહી હોવાનો દાવો કરતાં આ સૂત્રોએ જણાવ્યુ છે કે કુપોષિત માતા પ્રસુતા બને ત્યારે ગંભીર પ્રશ્નો ઉભા થતા હોય છે તેથી સરકાર હવે માતા મરણ અને બાળ મરણના દરમાં ઘટાડો કરવા કટિબદ્ધ છે.

મળતી વિગતો પ્રમાણે નિરામય હેલ્થ કાર્ડ અંગેની ડિઝાઈન તેમજ મળેલી સારવારની વિગતો તેમાં સમાવિષ્ટ થાય તે રીતે તૈયાર કરવામાં આવશે. આ અંગે હજુ પરામર્શ ચાલુ છે પરંતુ પ્રથમ તબક્કામાં નિરામય ગુજરાત પ્રોજેક્ટ હાથ ધરવામાં આવશે.

આ સર્વે માટેની તાલિમો પણ ૨૬ થી ૨૮ દરમ્યાન યોજવાની પણ જિલ્લાતંત્રને સૂચનાઓ પણ આપી છે. ગાંધીનગરમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ૨૯મીએ આ સંદર્ભે એક મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસે રાજ્યભરમાં મેગા નિદાન કેમ્પો યોજવામાં આવનાર હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

# દિવાળીના પર્વને અનુલક્ષી એસટીની નવી યોજના ૫૧ પ્રવાસીઓ થાય એટલે બસ ઘરે આવશે

ગાંધીનગર તા ૨૫


દિવાળી પર્વ નજીકમાં આવતા એસ ટી ની સલામત સવારીમાં ભીડ જોવા મળી રહી છે. એકબાજુ કોરોનાનુ સંક્રમણ ઘટતા નાગરિકો સલામત સવારીનો વિશેષ ઉપયોગ કરી રહ્યા છે. ત્યારે દિવાળી પર્વ દરમિયાન સોસાયટી કે ગૃપના સભ્યોએ બહારગામ ફરવા જવાનુ થાય તે માટે ૫૧ સભ્યોની સંખ્યાને અનુલક્ષી એસ ટી એ ઘર સુધી બસ સેવા પુરી પાડવાનો નિર્ણય લીધો છે. ગાંધીનગર ડેપો કક્ષાએથી પણ આ યોજનાનો અમલ શરૂ કરી દેવાયો છે.

દિવાળીના પર્વ દરમિયાન ગાંધીનગર ડેપો દ્વારા વધારાની બસો દોડવામાં આવી રહી છે. એકબાજુ પર્વને અનુલક્ષી ગાંધીનગર અમદાવાદ વચ્ચેના શહેરી રૂટમાં પણ વધુ ટ્રાફિક જોવા મળી રહ્યો છે. જયારે દિવાળી દરમિયાન બહારગામ જતા પ્રવાસીઓ પણ ઓનલાઈન બુકીંગ કરી એસ ટી સેવાનો લાભ લેવા ઉત્સુક જોવા મળી રહ્યા છે. જેના લીધે એસ ટી માં ઓનલાઈન બુકીંગ કરનારાઓની સંખ્યામાં પણ બમણો વધારો જોવા મળે છે. દિવાળીમાં એકબાજુ ખાનગી બસોમાં પણ ભીડ જોવા મળે છે. જેમાં ફરવાલાયક સ્થળોએ જવા માટે અગાઉથી જ બુકીંગ કરવાનો ટ્રેન્ડ પણ મજબુત બન્યો છે. આવા સંજોગોમાં ખાનગી ટ્રાવેલ્સ કંપનીઓ પણ ગ્રાહકો માટે લોભામણી ઓફરો આપે છે. જેમાં મુસાફરોને સઘળી સવલતો પણ આપવામાં આવે છે. ખાનગી બસ કંપનીઓની જેમ એસ ટી નિગમે પણ મુસાફરો પ્રત્યેનો અભિગમ વધુ સુવિધાસભર બનાવવાનો પ્રયાસ હાથ ધર્યો છે. એસ ટી ની સલામત સવારીને અનુલક્ષી મુસાફર પાસ યોજના સહીત અનેક યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે જેનો અપડાઉન કર્તાઓ અને વિદ્યાર્થીઓ મોટા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે દિવાળીના તહેવારમાં પણ એસ ટી તરફ મુસાફરો કે પ્રવાસીઓ વધુ આકર્ષાય તે માટે નવી બસો દોડાવવા સહીત નવી યોજનાઓ પણ અમલમાં મુકવામાં આવી રહી છે. ગાંધીનગર ડેપોમાં પણ મુસાફરો હવે એસ ટી બસનો વિશેષ ઉપયોગ કરતા નજરે પડે છે. એસ ટી ની સલામત સવારી હાલ કોરોના ઘટતા સંક્રમણ વચ્ચે પ્રથમ પસંદગી બની રહી છે. ત્યારે ગાંધીનગર ડેપોમાં કક્ષાએથી પણ દિવાળીના તહેવારને અનુલક્ષી ગૃપ બુકીંગ કરવામાં આવી રહ્યુ છે જેમાં ૫૧ જેટલા મુસાફરો થાય એટલે એસ ટી ની બસ ઘર સુધી મોકલવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ખાનગી બસની જેમ વિવિધ સ્થળો પર જવા માટે સોસાયટી કે ગૃપમાં હરવા ફરવા માટે એસ ટી દ્વારા મુસાફરોને વધુ સરળતા રહે તે માટે આ યોજનાનો અમલ શરૂ કરી દેવાયો છે.



**દિવાળીના પર્વ દરમિયાન બહારગામ ફરવા જવા ઇચ્છતા સોસાયટી કે ગૃપના સભ્યો માટે ગાંધીનગર ડેપોએ નવી યોજના શરૂ કરી**

## ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે આવતા રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ



ગાંધીનગર, તા. ૨૫

આગામી ૨૮, ૨૯, ૩૦ ઓક્ટો.ના રોજ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

અમદાવાદ, ગાંધીનગર અને ભાવનગરના કાર્યક્રમોમાં હાજરી આપવા તે આવી રહ્યા હોવાથી તંત્ર દ્વારા આ અંગેની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

રાષ્ટ્રપતિ કોવિંદ ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવી રહ્યા હોવાથી ગાંધીનગરમાં બેઠકોનો ધમધમાટ પણ વધી જવા પામ્યો છે. તેઓ બે દિવસ ગાંધીનગરના મહેમાન થશે તેમ જાણવા મળેલ છે.

# સે-૧ ના બગીચાના ફુલછોડને નુકશાન કરનારા તોફાની તત્વો સામે પોલીસ ફરિયાદ કરાશે

## સરકારી પડતર જગ્યામાં સ્થાનિકોના સહયોગથી નિર્માણ કરાયેલા ઉદ્યાનને તત્વોએ ઉજ્જડ બનાવ્યો : જવાબદાર તત્વો સામે પગલા લેવા પ્રબળ માંગ

ગાંધીનગર તા ૨૫

શહેરના સેકટરોમાં બગીચાઓનુ નવિનીકરણ કરવામાં આવી રહ્યુ છે ત્યારે બગીચાઓની હરિયાળી અને ફુલછોડને નુકશાન કરી સ્થાનિકો માટે તોબારૂપ બનતા તત્વો સામે પણ પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. સે-૧માં ગાયત્રી મંદિર નજીક સ્થિત બગીચામાં ફુલછોડને મુળમાંથી ઉખાડીને બિભત્સ શબ્દો લખવાની હરકત સામે સ્થાનિકો આગ બબુલા બન્યા છે. અસામાજિક તત્વોની આ હરકત સામે ત્વરિત અસરથી પોલીસ કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે ત્યારે આ મામલે તત્વો સામે પોલીસ ફરિયાદ કરવા માટે પણ ચક્રો ગતિમાન થયા છે.

શહેરના સે-૧ માં ગાયત્રી મંદિર નજીક નિર્મિત ઉદ્યાન અસામાજિક તત્વોના લીધે ઉજ્જડ બન્યો છે. ઉદ્યાનમાં ફુલછોડને નુકશાન કરવાની સાથે ફ્લોરીંગ તેમજ અન્ય રમત ગમતના સાધનોને પણ નુકસાન થયુ છે. અસાજિક તત્વોએ આ ઉદ્યાનમાંથી ફુલછોડ પણ મુળમાંથી ઉખાડી નાંખ્યા છે. બગીચામાં ક્રીકેટ અને વોલીબોલ જેવી રમતો નહીં રમવાની સુચના હોવાછતા આ ઠેકાણે આ પ્રકારની રમતો રમીને પરિવાર સાથે આવતા મુલાકાતીઓ માટે પરેશાની ઉભી કરવામાં આવી રહી છે. બગીચામાં હરિયાળી વચ્ચે યોગિક ક્રીયાઓ તેમજ રીફ્રેશ થવા આવતા મુલાકાતીઓને હેતુ સરતો નથી. સરકારી પડતર જગ્યામાં સરકાર અને સ્થાનિકોના સહયારા પ્રયાસથી નિર્માણ કરાયેલા આ ઉદ્યાનને કેટલાક તત્વોએ બેસવા જેવો રહેવા દીધો નથી. જેના લીધે સ્થાનિક સેકટરવાસીઓમાં પણ પ્રબળ રોષ પ્રવર્તયો છે. બગીચામાં રોજબરોજ સિનિયર સિટીઝન્સ

● અનુસંધાન પાન-૭ પર

# વાયબ્રન્ટ સમીટના વાહન-વ્યવહાર માટે માત્ર ઈલેક્ટ્રીક બસોનો જ ઉપયોગ થશે

ગાંધીનગર, તા. ૨૫

આગામી જાન્યુઆરી માસમાં યોજાનાર વાયબ્રન્ટ સમીટમાં વાહન-વ્યવહાર માટે માત્ર ઈલેક્ટ્રોનિક બસોનો જ ઉપયોગ કરી પર્યાવરણ જાળવી રાખવાનો સંદેશ આપવામાં આવશે.

મળતી વિગતો મુજબ વાયબ્રન્ટ સમિટ અંગેની તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરી દેવામાં આવી છે. આ માટે બેઠકોનો સિલસિલો અધિકારી કક્ષાએ શરૂ થઈ ગયો છે.

સ્વચ્છ ગાંધીનગર-સ્વસ્થ ગાંધીનગર અને હરિયાળુ ગાંધીનગર બનાવવા માટે વાહન-વ્યવહારમાં ઈલેક્ટ્રીક બસોનો જ ઉપયોગ કરવામાં આવશે તેવી સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. આ માટે ત્રણથી ચાર જેટલી ઈલેક્ટ્રીક બસો બનાવનાર કંપનીઓએ પણ તૈયારી બતાવી હોવાનું જાણવા મળેલ છે. બીજી તરફ ગાંધીનગર શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે ખાસ ધ્યાન આપવા મનપાના તંત્રને સૂચનાઓ આપવામાં આવી છે. ગાંધીનગરમાં સ્વચ્છતા સર્વેક્ષણ પણ આવી રહ્યુ હોવાથી જાહેર માર્ગોની સફાઈ તેમજ આંતરિક માર્ગોની સફાઈની કામગીરીનો સઘન બનાવવામાં આવી છે. પરંતુ વાયબ્રન્ટ સંદર્ભે ખાસ અભિયાન સઘન રીતે થાય તે જોવા માટે કહેવામાં આવ્યુ છે.

ગાંધીનગર ખાતે વાયબ્રન્ટ સમિટ જાન્યુઆરી-૨૨માં યોજાશે. આ માટે સરકારે અધિકારીઓને વિવિધ જવાબદારીઓ સાથે કામગીરી પણ સોંપી દીધી છે. હાલ ધીમી ગતિએ ચાલી રહેલી તૈયારીઓ દિપાવલી પછી વેગીલી બનશે તેમ જાણવા મળેલ છે.



દિવાળી સાવ નજીક આવી ગઈ છે. બજારોમાં ધીમે ધીમે ભીડ જામી રહી છે. ગૃહ સુશોભન અને ગૃહ સજાવટની ચીજવસ્તુઓ ખરીદવા માટે ભીડ જામી રહી છે. દિવાળીના અવસરને ધ્યાને લઈ વિવિધ પ્રકારની ગૃહ સજાવટની ચીજવસ્તુઓ બજારોમાં જોવા મળી રહી છે. ઉત્તરપ્રદેશના કેટલાક કારીગરો સુંદર મજાની ઢીંગલીઓ લઈને અહીં વેચાણ અર્થે આવ્યા છે. જોતા જ ગમી જાય તેવી ઢીંગલીઓ ખરીદવામાં ગૃહિણીઓ રસ દાખવી રહી છે.

GIL
Enabling e-Governance

**ડ્રાયફ્રુટ-ગીફ્ટ પેકના ભાવ મંગાવવા બાબત**

૧ કિ.ગ્રા. ના ડ્રાયફ્રુટના ભાવ રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી બંધ કવરમાં તારીખ ૨૯.૧૦.૨૦૨૧, ૧૫:૦૦ વાગ્યા સુધી માંગાવવામાં આવે છે. ટેન્ડરની નકલ નીચે જણાવેલ સરનામેથી રૂ.૫૦૦/– રોકડા આપીને મેળવવાની રહેશે.

**ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડ (GIL)**

બ્લોક નં. ૨/૨ માળે, કર્મયોગી ભવન, સેક્ટર–૧૦, ગાંધીનગર, ફોન : ૦૭૯–૨૩૨૫૬૦૨૨.

મેનેજીંગ ડિરેક્ટર

# માણસા રેલવે સ્ટેશનને પુનઃ વિકસીત કરાશે

**રેલવે બોર્ડના સભ્ય દિવ્ય ત્રિવેદીએ અસરકારક રજુઆત કરી મહત્વના સુચનો કર્યા**

ગાંધીનગર તા ૨૫

મુંબઈ ખાતે યાજાયેલી પશ્ચિમ રેલવેના અધિકારીઓની બેઠકમાં ગાંધીનગરના યુવા અગ્રણી અને રેલવે બોર્ડના સભ્ય દિવ્ય ત્રિવેદીએ માણસા સ્ટેશનને વિકસિત કરવા માટે પ્રબળ રજુઆત કરી હતી. તેમણે સ્ટેશનના વિકાસની સાથે ફુડકોર્ટ અને કેન્ટીક કાર્યરત કરવા માટે પણ સુચન કર્યુ હતુ. રેલવેના અધિકારીઓ અને બોર્ડના સભ્યો તેમની અસરકારક રજુઆતથી પ્રભાવિત થયા હતા.

મુંબઈ સેન્ટ્રલ ખાતે યોજાયેલી પશ્ચિમ રેલવેના અધિકારીઓની બેઠકમાં દિવ્ય ત્રિવેદીએ ગાંધીનગર જિલ્લા સહીત રાજયના વિવિધ રેલવે સ્ટેશનના પડતર પ્રશ્નો અંગે રજુઆત કરી હતી. અધિકારીઓને પણ ત્વરિત આ મામલે યોગ્ય કાર્યવાહી કરવા માટે જાણ કરી હતી. આ દરમિયાન તેમણે ગૃહમંત્રી અમિત શાહના ગામ માણસા ખાતે આવલે મકાખાડ જંકશનને ફરીથી શરૂ કરવા માટે પણ રજુઆત કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર મનપાને ત્રીજા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર મળ્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાને ત્રીજા ડેપ્યુટી મ્યુનિ. કમિશનર મળ્યા છે. રાજ્ય સરકારે આજે કરેલા હુકમમાં ગાંધીનગર મહાનગરપાલિકાને વધુ એક ડે. કલેક્ટર સંવર્ગમાંથી ડે. મ્યુ. કમિશનર તરીકે નિયુક્ત કર્યા છે. રાજ્ય સરકારે ૮ ડે. કલેક્ટરોની બદલીના હુકમો કર્યા છે. શ્રી સી. એમ. ત્રિવેદીને ગાંધીનગર મનપામાં ડેપ્યુટી મ્યુનિ. કમિશનર તરીકે મુકવામાં આવ્યા છે.

ગાંધીનગર મનપાની હદ વધતા મનપાના કાર્યભારણમાં વધારો થયો છે. શ્રી ત્રિવેદી આગામી એક-બે દિવસમાં જ તેમનો નવો કાર્યભાર સંભાળશે.

HDFC **હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિ.** પઝેશન નોટિસ

**એચડીએફસી હાઉસ, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ.**
**ફોન : (૦૭૯) ૬૬૩૦૭૦૦૦**

**હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ**ના અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવાયેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

| અનુ. નં. | બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ | તારીખના રોજ બાકી લેણાં* રૂ. | ડિમાન્ડ નોટિસ તારીખ | પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક | સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન |
|---|---|---|---|---|---|
| (એ) | (બી) | (સી) | (ડી) | (ઈ) | (એફ) |
| ૧ | શ્રી ગિરીશભાઈ ભગવાનભાઈ વાઠેલ (બોરોઅર) લોન એકાઉન્ટ નં. ૬૨૫૮૦૯૯૭૭ અને ૬૨૩૭૯૦૩૫૪ | રૂા. ૫૨,૦૭૮/- અને રૂા. ૨૦,૬૨,૦૦૨/- અનુક્રમે ૩૦ એપ્રિલ, ૨૦૨૧ ના રોજ* | ૧૮ જૂન, ૨૦૨૧ | ૨૨ ઓક્ટો., ૨૦૨૧ ફીઝિકલ પઝેશન | ફ્લેટ નં.-ડી/૨૦૨, બીજો માળ, શ્રીરંગ નેનો સિટી-૧ અને ૨, પ્લોટ એફપી-૯૭, સ. નં. ૩૯૪, ટીપી-૭, પામ રોડ, સરગાસણ, ગાંધીનગર-૩૮૨૦૪૧. |

* લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવણી/જમા થાય ત્યાં સુધીના ગણાશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે, તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, **એચડીએફસી**ના અધિકૃત અધિકારી દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ ૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટનો **કબજો** મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/કાયદેસર વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટ સાથેનો કોઈ સોદો કરાશે તો તે **હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિમિટેડ**ના ગિરો હક્કને આધિન રહેશે.

બોરોઅર(સ) / કાયદેસરના વારસ (દારો) / કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયમાત/તો છોડાવી લે.

કરવામાં આવેલ પંચનામું અને તૈયાર કરાયેલ ઈન્વેન્ટરી નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે; અને ઉપરોક્ત બોરોઅર(સ) / કાયદેસરના વારસ (દારો)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વિનંતી છે કે જે તે નકલ નીચે સહી કરનાર પાસેથી કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન મેળવી લે.

વતી, હાઉસિંગ ડેવલપમેન્ટ ફાયનાન્સ કોર્પોરેશન લિ.
તારીખ : ૨૫-૧૦-૨૦૨૧ સહી/-
સ્થળ : અમદાવાદ અધિકૃત અધિકારી

રજી. ઓફિસ : રેમન હાઉસ, એચ.ટી. પારેખ માર્ગ, ૧૬૯, બેકબે રેકલમેશન, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦ ૦૨૦.
Corporate Identity Number : CIN : L70100MH977PLC019916. E-mail : customer.service@hdfc.com, Website : www.hdfc.com

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2015 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com